# 3. નૂતન વિશ્વ તરફ પ્રયાણ

## સ્વાધ્યાય

### 1. નીચેના પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો :

#### 1) વૈશ્વિક મહામંદીના ઉદ્દભવની અસરો જણાવો.

- વૈશ્વિક મહામંદીની અસરો નીચે મુજબ છે.
- વિશ્વના મોટાં ભાગના રાષ્ટ્રો પર વૈશ્વિક મહામંદીને અસરો થઈ હતી.
- વિશ્વની મહાસત્તા ગણાતા ગ્રેટબ્રિટનને પોતાના ચલણ પાઉંડ સામે અનામતરૂપે સોનાનો જથ્થો રાખવાની નીતિ ત્યજવી પડી હતી. ગ્રેટબ્રિટનના આ પગલાની અસર વિશ્વના અન્ય રાષ્ટ્રો પર પણ પડી.
- અમેરિકા જેવા સમૃદ્ધ રાષ્ટ્રમાં આર્થિક મંદીનું મોજું ફરીવળ્યું હતું. અમેરિકામાં અનેક કારખાના તેમજ ઉદ્યોગ-ધંધા બંધ પડી ગયાં હતાં.
- અમેરિકામાં લાખો કામદારો બેકાર બન્યા.
- વૈશ્વિક મંદીએ અમેરિકાની અર્થવ્યવસ્થાને નબળી પાડી. દેશની આર્થિક સ્થિતિને કથળતી અટકાવવા અમેરિકાને કડક નિયંત્રણો લાદવાં પડ્યાં.
- વિશ્વના આંતરરાષ્ટ્રીય વેપાર અને ઉદ્યોગો મંદીની અસર નીચે આવ્યા. વિશ્વનો વેપાર ઘટીને અડધો થઈ ગયો.

#### 2) દ્વિતિય વિશ્વયુદ્ધના ઉદ્દભવ માટેનાં જવાબદાર પરિબળોની ચર્ચા કરો.

- દ્વિતિય વિશ્વયુદ્ધના ઉદ્દભવ માટેનાં જવાબદાર પરિબળો નીચે મુજબ છે.
- ઉગ્ર રાષ્ટ્રવાદ : દ્વિતિય વિશ્વયુદ્ધ પછી જર્મની, ઈટાલી અને જાપાનમાં રાષ્ટ્રવાદે ઉગ્ર અને આક્રમક સ્વરૂપ ધારણ કર્યું.
- જર્મનીમાં હિટલરના નાઝી પક્ષે અને ઈટાલીમાં મુસોલિનીના ફાસિસ્ટ પક્ષે પ્રજામાં આક્રમક રાષ્ટ્રવાદ વિકસાવ્યો.
- જાપાને પણ સામ્રાજ્યવાદી નીતિ અપનાવી લોકોમાં ઉગ્ર રાષ્ટ્રવાદ વિકસાવી તેમને યુદ્ધ માટે તૈયાર કર્યાં. પરિણામે વિશ્વશાંતિ જોખમાઈ.
- જૂથબંધીઓ : પ્રથમ વિશ્વયુદ્ધ પછી ફ્રાન્સને જર્મનીનો ભય હોવાથી તેણે બેલ્જિયમ, પૉલેન્ડ, રુમાનિયા અને ઝેકોસ્લાવેકિયા સાથે મૈત્રીકરારો કર્યા.
- ઈટાલીએ ઝેકોસ્લાવેકિયા, યુગોસ્લાવિયા, રુમાનિયા, હંગેરી, તૂર્કી, ગ્રીસ, અને ઑસ્ટ્રિયા સાથે કરાર કર્યાં.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ઈટાલીએ જર્મની અને જાપાનના સહયોગથી 'રોમ-બર્લિન-ટોકિયો' ધરીની રચના કરી.
- રશિયાએ જર્મની, તૂર્કી, લિથુઆનિયા અને ઈરાન સાથે કરાર કર્યાં .
- ઈંગ્લેન્ડ અને ફ્રાન્સે લોકશાહી મૂલ્યો ધરાવતા દેશોનું જૂથ રચ્યું.
- લશ્કરવાદ : પ્રથમ વિશ્વયુદ્ધ પછી યુરોપના બધ દેશો એકબીજાથી ચડિયાતાં શસ્ત્રોનું ઉત્પાદન કરવા લાગ્યા.
- રશિયા અને જર્મનીએ લશ્કરમાં ફરજીયાત ભરતી શરૂ કરી.
- યુરોપના દરેક દેશે ભૂમીદળ, નૌકાદળ અને હવાઈ દળની સંખ્યામાં વધારો કર્યો.
- જાપાન અને અમેરિકાએ પણ શસ્ત્રસામગ્રી વધારવાની હોડમાં ઝંપલવ્યું. અમેરિકાએ નૌકાદળને શસક્ત બનાવ્યું.
- આમ, શસ્ત્રીકરણની દોડે વિશ્વને યુદ્ધકીય વાતાવરણમાં પલટી નાખ્યું. દ્વિતિય વિશ્વયુદ્ધનાં નગારાં વાગવા લાગ્યાં.
- રાષ્ટ્રસંઘની નિષ્ફળતા : ઈતાલી, જાપાન અને જર્મની જેવા રાષ્ટ્રો તેમની સામ્રાજ્ય-લાલસા સંતોષવા નાનાં અને નબળા રાષ્ટ્રો પર આક્રમણો કરવા લાગ્યાં.
- રાષ્ટ્રસંઘને લશ્કરી પીઠબળ ન હોવાથી એ આક્રમણો રોકવમાં તેને નિષ્ફળતા મળી.
- વર્સેલ્સની સંધિ : જર્મનીને યુદ્ધ માટે જવાબદાર ગણી તેની પર 6.5 અબજ પાઊન્ડનો જંગી યુદ્ધ દંડ નાંખવામાં આવ્યો.
- આ સંધિ મુજબ તેનો રુહર પ્રાંત ફ્રાન્સે પડાવી લીધો.
- જર્મનીની રહાએન નદી આંતરરાષ્ટ્રીય જળમાર્ગ માટે ખૂલ્લી મૂકવામાં આવી.
- જર્મનીના મોટા ભાગના સમૃદ્ધ ખનીજ પ્રદેશો પડાવી લેવામાં આવ્યાં.
- વર્સેલ્સની સંધિ જર્મની માટે અન્યાયી અને અપમાનજનક હતી.
- તેથી જર્મનીના સરમુખત્યાર હિટલરે આ સંધિને 'કાગળનું ચીથરુ' કહીને ફગાવી દેવાની પ્રજાને હાકલ કરી. તેથી જર્મનીની પ્રજાને યુદ્ધનું પ્રોત્સાહન મળ્યું.
- વર્સેલ્સની સંધિમાં ઈટાલીની ઉપેક્ષા થઈ હોવાથી તે રોષે ભરાયું હતું. આ સંધિથી જાપાનને પણ ઘણો અસંતોષ હતો.
- આમ, વર્સેલ્સની અન્યાયી સંધિમાં જ દ્વિતિય વિશ્વયુદ્ધના બી વવાયાં હતા.
- અડોલ્ફ હિટલરની સામ્રજ્યવાદી મહત્વકાંક્ષા : હિટલર ઉગ્ર રાષ્ટ્રવાદી અને સૈનિકવાદી માનસ ધરાવતો હતો. તે ગમે તે ભોગે જર્મનીને એકતા, સ્થિરતા અને સમૃદ્ધિ ઈચ્છતો હતો. તેથી તેણે ઉગ્ર સામ્રાજ્યવાદી નીતિ અપનાવી.
- 12 માર્ચ 1938ના દિવસે હિટલરે ઑસ્ટ્રિયા પર આક્રમણ કરી તેની સત્તા જમાવી.
- 1 ઑક્ટોબર, 1938ના રોજ તેણે ઝેકોસ્લાવેલિયા પર કબજો જમાવ્યો.
- માર્ચ, 1938ના રોજ તેણે લિથુઆનિયાનું મેમેલ બંદર કબજે કર્યું.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- આમ, હિટલરે વર્સેલ્સની સંધિનો ભંગ કરી વિશાળ જર્મન રાષ્ટ્રનું સર્જન કર્યું અને પોતાની મહત્વાકાંક્ષા સંતોષી.
- હિટલરની સામ્રાજ્યવાદી મહત્વાકાક્ષા દ્વિતિય વિશ્વયુદ્ધ માટે કારણભૂત હતી.
- જર્મનીનું પોલેન્ડ પરનું આક્રમણ : જર્મનીના સરમુખ્યતાર હિટલરની સામ્રાજ્ય-લાલસાને કારણે યુરોપમાં યુદ્ધનું વાતાવરણ સર્જાયું હતું.
- 1 સપ્ટેમ્બર, 1939ના દિવસે હિટલરે પૉલેન્ડ પર આક્રમણ કર્યું.
- બ્રિટન અને ફ્રાન્સે જર્મનીને આ યુદ્ધ તાત્કાલિક બંધ કરવા ચેતવણી આપી. પરંતુ જર્મનીએ તેની અવગણના કરી.
- તેથી બ્રિટન અને ફ્રાન્સે પોલેંદના રક્ષણ માટે જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. આ રીતે દ્વિતિય વિશ્વયુદ્ધનો પ્રારંભ થયો.

### 3) દ્વિતિય વિશ્વયુદ્ધના પરિણામો લખો.

- આર્થિક પરિણામો : દ્વિતિય વિશ્વયુદ્ધમાં ભાગ લેનાર દરેક રાષ્ટ્રને ભારે ખર્ચ થયો.
- અમેરિકાને 350 અબજ ડૉલરનો અને બીજાં રાષ્ટ્રોને લગભગ 1 અબજ ડૉલર કરતાં પણ વધું ખર્ચ થયો.
- આ યુદ્ધમાં જેટલા ડોલર ખર્ચ થયો હતો એટલી જ કિંમતની મિલકતનો નાશ થયો હતો.
- ઈંગ્લૅન્ડે લગભગ 2 હજાર કરોડ પાઉન્ડની મિલકતો ગુમાવી.
- આ યુદ્ધમાં ભગ લેનાર બધા દેશોનું અર્થતંત્ર છિન્નભીન્ન થઈ ગયું. યુરોપના દેશોમાં ચીજવસ્તુઓની અછત, મોંઘવારી, બેકારી, ભુખમરો વગેરે સમસ્યાઓ ઊભી થઈ. લોકોનું આર્થિક જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું. વિશ્વના બધા દેશોમાં મહામંદી પ્રસરી.
- ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના : ઈ.સ. 1917માં રશિયામાં થયેલી બૉલ્શેવિક ક્રાંતિથી ચીન સહિત વિશ્વનાં અનેક રાષ્ટ્રો પ્રભાવિત થયાં હતા.
- દ્વિતિય વિશ્વયુદ્ધ બાદ જાપાનની તાકાત ઘટી ગઈ હતી. પરિણામે ચીન પરનો તેનો પ્રભાવ ઓસરી ગયો.
- આ પરિસ્થિતિનો લાભ લઈ ચીનમાં માઓ-ત્સે-તુંગના નેતૃત્વ નીચે ક્રાંતિ થઈ. ક્રાંતિને અંતે ઈ.સ. 1949માં ચીનમાં સામ્યવાદી સરકારની સ્થાપના થઈ.
- ઠંડું યુદ્ધ : દ્વિતિય વિશ્વ યુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં અમેરિકા તરફી અને રશિયા તરફી એ બે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં સત્તાજુથો રચાયાં. વિશ્વનાં નાનાં રાષ્ટ્રો પોતાની અનુકૂળતા મુજબ આ બંને સત્તાજુથોમાં જોડાયાં. આ બંને સત્તા જુથોએ એકબીજાનાં મતના ખંડન માટે તેમજ પોતાનાં મતના સમર્થન માટે વાક અને વિચાર યુદ્ધો કરી, શસ્ત્ર વગરની તંગ રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કર્યું. જે 'ઠંડા યુદ્ધ' તરીકે ઓળખવામાં આવે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- સયુંક્ત રાષ્ટ્રોની સ્થાપના : દ્વિતિય વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં શાંતિ, સલામતિ અને સહ-અસ્તત્વના હેતુથી 24 ઑક્ટોબર, 1945ના રોજ સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરવામાં આવી. તેનું મુખ્યાલય યૂ.એસ.એ.ના ન્યુ યૉર્ક શહેરમાં રાખવામાં આવ્યું.

## 2.નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

### 1) સંયુકત રાષ્ટ્રોની સ્થાપનાશા માટે કરવામાં આવી ?

- વિશ્વમાં શાંતિ અને સલામતિ જાળવવા; આંતરરાષ્ટ્રીય વિવાદાસ્પદ પ્રશ્નોને ચર્ચા, વાટાઘાટો કે લવાદીથી ઉકેલી યુદ્ધ અટકાવવા; વિશ્વના દેશો આર્થિક, સામાજિક, અને સાંસ્કૃતિક વિકાસ સાધવા; શસ્રોના ઉત્પદન પર નિયંત્રણ રાખવા; આંતરરાષ્ટ્રીય બંધુત્વ, સહકાર અને સમજણ વિકસાવવા અને ભાવનાઓ સાકાર કરવા દ્વિતિય વિશ્વયુદ્ધ પછી સંયુક્ત રાષ્ટ્રોની સ્થાપના કરવામાં આવી.

### 2) સયુક્ત રાષ્ટ્રોના અંગ તરીકે આર્થિક-સામાજિક સમિતિની સમજ આપો.

- સંયુક્ત રાષ્ટ્રોની આ સમિતિ અર્થિક અને સામાજિક ક્ષેત્રે ખૂબ મહત્વ ધરાવે છે.
- તેની કુલ સભ્યસંખ્યા 54 છે. સામાન્ય સભા તેમની ચૂંટણી દર ત્રણ વર્ષ માટે કરે છે. દર વર્ષે 1/3 ભાગના સભ્યો નિવૃત થાય છે અને તેટલા જ નવા સભ્યો ચુંટાય છે.
- આર્થિક અને સામાજિક સમિતિ-ઈક્રોસોક તે જગતના દેશોની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આરોગ્યવિષયક બાબતોનો અભ્યાસ કરી અહેવાલો તૈયાર કરે છે અને તેમના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓની ભલામણ કરે છે.
- તે ધર્મ, જાતિ કે પ્રદેશના ભેદભાવ વિના જગતની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવાના પ્રયત્નો કરે છે.
- આ સમિતિની દેખરેખ નીચેની તેને પેટા સમિતિઓ વિશ્વભરમાં કામ કરે છે.
- 'હું' વિશ્વ આરોગ્ય સંસ્થા (WorpdHelthOrgnatzation-WHO) :તે વિશ્વના બધા લોકોની તંદુરસ્તીનું ધોરણ સુધારવાનું કામ કરે છે.
- 'ફાઓ' :આંતરરાષ્ટ્રીય અન્ન અને કૃષિ સંસ્થા (Food and Agricalture Organization-FAO) : તે દુનિયાના બધા દેશો કૃષિ-ઉત્પાદનો, જંગલો, મછલીઓ, વગેરેનું ઉત્પાદન વધારવાનું તેમજ પોષણનું ધોરણ ઉંચું લાવવાનું કામ કરે છે.
- યુનિસેફ : સંયુક્ત રાષ્ટ્રોનું બાળકો માટેનું આકસ્મિક મદદ ભંડોળ ( United nations International Children's Emergency Fund-UNESCO) : તે વિશ્વના બાળકોનું સ્વાસ્થ્ય સુધારવા પૌષ્ટિક આહારની અને બાળકલ્યાણની પ્રવૃત્તિઓ કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- યુનેસ્કો : સંયુક્ત રાષ્ટ્રોની શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક સંસ્થા (United Nations Educational Scientific culctural Organization- UNESCO) : તે દુનિયાના બધા દેશોમાં શૈક્ષણિક, વૈજ્ઞાનિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આંતરરાષ્ટ્રીય સહકાર વધારવાનું કામ કરે છે.

## 3. ટૂંકનોંધ લખો.

### 1) સંયુક્ત રાષ્ટ્રોની સમાન્ય સભા

- સામાન્ય સભા સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મોટું અંગ છે. તે બધા સભ્યરાષ્ટ્રોના પ્રતિનિધિઓની બનેલી છે. સામાન્ય સભાની 2/3 બહુમતિ અર્થાત સલામતી સમિતિની ભલામણથી જગતનું કોઈ પણ રાષ્ટ્ર સંયુક્ત રાષ્ટ્રોનું સભ્યપદ મેળવી શકે છે.
- દરેક રાષ્ટ્ર સામાન્ય સભામાં પોતાના પાંચ પ્રતિનિધિઓ મોકલી શકે છે. પરંતુ દરેક રાષ્ટ્રને એક જ મત આપવાનો અધિકાર છે.
- હાલમાં સામાન્ય સભામાં સભ્યોની કુલ સંખ્યા 193 છે.
- સામાન્ય સભા કોઈ સામાન્ય બાબત પર સાદી બહુમતીથી ઠરાવ પસાર કરે છે. પરંતુ મહત્વના પ્રશ્ને હાજર રહેલા સભ્યરાષ્ટ્રોની 2/3 બહુમતીથી ઠરાવ પસાર કરવામાં આવે છે.
- મુખ્ય કર્યો :
- આંતરરાષ્ટ્રીય સંબંધોને લગતી કોઈ પણ બાબત પર સામાન્ય સભા ચર્ચા કરી સલાહ, સૂચનો કે ભલામણો કરે છે.
- વિશ્વનાં રાષ્ટ્રોના આર્થિક વિકાસ, માનવ-અધિકાર, નિઃશસ્ત્રીકરણ તેમજ વર્તમાન સમયના આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનું નિરાકરણ વગેરે બાબતો અંગે સામાન્ય સભા કામ કરે છે.
- તે સંયુક્ત રષ્ટ્રોનાં વિવિધ અંગોનાં અભ્યોની ચૂંટણી કરે છે.
- તે દર વર્ષે પોતાના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી કરે છે.
- સામાન્ય સભાને વિશ્વની સંસદ કહી શકાય.
- સમાન્ય સભાનું વડું મથક ન્યૂ યોર્કમાં છે.

### 2) સયુંક્ત રાષ્ટ્રોની સલામતી સમિતિ

- સલામતી સમિતિ સંયુક્ત રાષ્ટ્રોનું સૌથી મહત્વનું અંગ છે. તે સંયુક્ત રાષ્ટ્રોની કારોબારી છે.
- તે 15 સભ્યોની બનેલી છે. જેમાં યૂ.એસ.એ., રશિયા, બ્રિટન, ફ્રાંસ અને ચીન આ પાંચ તેના કાયમી સભ્યો છે. અને બાકીના બિનકાયમી સભ્યો છે.
- સલામતી સમિતિ વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું કાર્ય કરે છે. આ માટે તે ચર્ચાઓ કરે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- ચર્ચાને અંતે પાંચ કાયમી સભ્યો સહિત ઓછામાં ઓછા નવ સભ્યોના મતથી ઠરાવ પસાર કરે છે.
- સંયુક્ત રાષ્ટ્રોના બંધારણે પાંચ કાયમી સભ્યોને ઠરાવનો નિષેધ કરવાનો વિશેષ અધિકાર આપ્યો છે. એ અધિકારને 'નિષેધાધિકાર' કે 'વીટો' કહેવામાં આવે છે.
- આંતરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવા માટે સલામતી સમિતિને વિશાળ સત્તાઓ આપવામાં આવી છે.
- એ માટે તે સંયુક્ત રાષ્ટ્રોના સભ્યરાષ્ટ્રો સાથે વાટાઘાટો કરે છે.
- સભ્યરાષ્ટ્રો વચ્ચે યુધ થયું હોય તો તે લવાદી કે વાટાઘાટો દ્વારા તેનો અંત લાવવા પ્રયાસો કરે છે.

## 4. એક વાક્યમાં જવાબ આપો.

### 1) દ્વિતિય વિશ્વયુદ્ધ થવા પ્છાળ કઈ સંધિ જવાબદાર હતી ?

- દ્વિતિય વિશ્વયુદ્ધ થવા પાછળ ઈ.સ. 1919માં થયેલી વર્સેલ્સની સંધિ જવાબદાર હતી.

### 2) જર્મન સરમુખત્યાર કોણ હતો ?

- એડોલ્ફ હિટલર જર્મનીનો સરમુખત્યાર હતો.

### 3) ઈટાલીના સરમુખત્યારનું નામ આપો.

- ઈટાલીના સરમુખત્યારનું નામ બેનિટો મુસોલિની હતું.

### 4) દ્વિતિય વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ જણાવો.

- દ્વિતિય વિશ્વયુદ્ધનું તાત્કલિક કારણ 1સપ્ટેમ્બર, 1939ના રોજ જર્મનીનું પોલેંડ પરનુ આક્રમણ હતું.

### 5) સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય કયાં આવેલું છે.

- સંયુક્ત રાષ્ટ્રોનું મુખ્ય કાર્યાલય અમેરિકાના ન્યુ યૉર્ક શહેરમાં આવેલું છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**6) 'ઠંડું યુદ્ધ' એટલે શું ?**

- દ્વિતિય વિશ્વયુદ્ધ પછી વિશ્વના રાજકારણમાં અમેરિકા તરફી અને રશિયા તરફી એ બે પરસ્પર વિરોધી વિચારસરણીવાળાં સત્તાજુથો રચાયાં. આ બંને સત્તાજુથોએ એકબીજાના મતનાં ખંડન માટે તેમજ પોતાના મતના સમર્થન માટે વાજ યુદ્ધો કરી, શસ્ત્રો વગરની જે તંગ રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કર્યું, તેને 'ઠંડું યુદ્ધ' કહેવાય છે.

## 5. નીચે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો :

**1) જર્મનીમાં નાઝીવાદનો સ્થાપક કોણ હતો ?**

(A) હિટલર

(B) મુસોલિની

(C) લેનિન

(D) એક પણ નહિ

**2) વિશ્વના માનવીઓનું સ્વાસ્થ્ય સુધારણા કાર્ય કોણ કરે છે ?**

(A) WHO

(B) IMF

(C) FAO

(D) ILO

**3) નીચેનામાંથી સાચું વિધાન શોધીને લખો :**

(A) જર્મનીમાં ફાસીવાદનો ઉદય થયો હતો.

(B) મુસોલિની જર્મનીનો લીડર હતો.

(C) નાઝીપક્ષનું પ્રતીક 'લાકડાની ભારી અને કુહાડી' હતું.

(D) મુસોલિનીએ ઇટાલીમાં ફાસીવાદની સ્થાપના કરી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in